# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-03-2025 Day: Wenesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રાજ્યના ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદી

**રાજ્યના ખેડૂતોને સ્માર્ટ ફૉનની ખરીદી પર સહાય આપવાની પહેલ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે. ગુજરાત વિધાનસભામાં આ અંગે માહિતી આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, ગત બે વર્ષમાં ખેડા જિલ્લાના બે હજાર 246 ખેડૂત લાભાર્થીઓને સ્માર્ટફૉન સહાય યોજના અંતર્ગત એક કરોડ રૂપિયાથી વધુની સહાય આપવામાં આવી છે.**

--------------------------------------------------------------------------------

## કૃષિ મંત્રી રાઘવજી પટેલ

**કૃષિ મંત્રી રાઘવજી પટેલે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ટ્રેક્ટરની ખરીદી પર સહાય આપવાની યોજના અમલમાં મૂકી છે. ગુજરાતના મહત્તમ ખેડૂતો ટ્રેક્ટરથી ખેતી કરી શકે તે માટે આ વર્ષના બજેટમાં ટ્રેક્ટર પર અપાતી સહાયમાં વધારો કરીને રૂપિયા એક લાખ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં કચ્છના ૪ હજાર ૮૮ જેટલા ખેડૂત લાભાર્થીઓને ટ્રેકટરની ખરીદી માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવી છે.**

--------------------------------------------------------------------------------

## હવામાન

**કચ્છમાં ફાગણ માસમાં જ વૈશાખી તાપ શરૂ થઈ ગયો છે. ભુજમાં ગઇકાલે મહત્તમ તાપમાન 42.4 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. આ 2010 પછીનું સૌથી ઊંચું તાપમાન**

હતું. હવામાન વિભાગે ત્રણ જિલ્લામાં આજે રેડ એલર્ટ જારી કર્યું હતું.. જ્યારે 11 જિલ્લામાં ઓરેન્જ એલર્ટની ચેતવણી જાહેર કરવામાં આવી હતી. આવતીકાલે પણ કચ્છમાં યલો એલર્ટની ચેતવણી જારી કરવામાં આવી છે. આકરી ગરમીને કારણે શહેરી વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે. બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા. લોકો ગરમીથી બચવા સાવચેતી રાખી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ : જીરાનું વાવેતર

કચ્છમાં મોટા પ્રમાણમાં ખેડૂતોએ જીરાનું વાવેતર કર્યું છે, તેના આવકની શરૂઆત થઈ છે. ચાલુ વર્ષે જીરાની આવક ભુજ એપીએમસી માર્કેટમાં ચાલુ થઈ ગઈ છે, અંજાર માર્કેટ યાર્ડમાં દરરોજની ૮૦૦થી વધુ ગુણીની આવક ચાલુ છે, જેના ભાવ અંદાજે ૭૦૦૦થી લઈ ૯૦૦૦ સુધીના અંજાર માર્કેટ યાર્ડમાં ૪૦ કિલોના નોંધાયા છે. જીરાની મુખ્ય બજાર ઉંઝામાં છે. અહીંથી માલની ખરીદી થયા બાદ તે માલ ઉંઝામાં જાય છે. ત્યાં જે સોદા પડતા હોય છે તે મુજબ માલની ખરીદી થાય છે.

---------------------------------------------------------------------------------------

## ખેડૂતોને દરેક પાકના પોષણક્ષણ ભાવ

ખેડૂતોને દરેક પાકના પોષણક્ષણ ભાવ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે સરકાર દ્વારા હવે કપાસના પાકની પણ ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. ભારત સરકારના જાહેર સાહસ - ભારતીય કપાસ નિગમ લીમીટેડ દ્વારા આગામી સપ્ટેમ્બર-૨૦૨૫ સુધી કપાસની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. કચ્છના અંજાર, ભુજ અને માંડવી ખાતે કપાસની ખરીદીના કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. અબડાસા, માંડવી, અંજાર અને રાપર તાલુકામાં કપાસના પાકનું મોટા પ્રમાણમાં વાવેતર કરવામાં આવે છે. ભારત સરકારે કપાસ માટે રૂપિયા ૭ હજાર ૪૭૧ ટેકાનો ભાવ જાહેર કર્યો છે. ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઇચ્છતા ખેડૂતોએ આગામી તા. ૧૫ માર્ચ સુધીમાં ખરીદ કેન્દ્રો ખાતેથી નોંધણી કરાવવાની રહેશે.

---

## હોળી-ધૂળેટીના પર્વ : પોલીસ બેઠક

આગામી હોળી, ધુળેટીના તહેવારો તથા રમઝાન ઇદની ઉજવણી ભાઇચારા અને શાંતિમય રીતે થાય તે માટે નખત્રાણા પોલીસ સ્ટેશનમાં વિવિધ સામાજીક સંસ્થાના અગ્રણીઓ સાથે પોલીસે બેઠક યોજી હતી. બેઠકમાં પી.આઇ. એ. એમ. મકવાણાએ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં શાંતિનો ભંગ ન થાય તે માટે બંદોબસ્ત રાખી સી.સી. ટી.વી. કેમેરાની ગોઠવણી કરાઇ હોવાની માહિતી આપી હતી. વિવિધ અગ્રણીઓએ વથાણ ચોક, વિરાણી રોડ, બસ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક સમસ્યા તથા બેફામ ચાલતા વાહનો પર કાબૂ રાખવા માંગ કરી પર્વો દરમ્યાન શાંતિ જાળવવાની ખાતરી આપી હતી.

---

## હોળી પર્વ : બજારોમાં ખરીદીનો ધમધમાટ

હોળી પર્વને ગણતરીના કલાકો બાકી છે ત્યારે કચ્છની બજારોમાં ખરીદીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. પર્વથી બે દિવસ પૂર્વે ગ્રાહકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બજારોમાં નાના બાળકો માટે વિવિધ સુકા રંગો અને અવનવી ડિઝાઇનની પિચકારીએ આકર્ષણ જમાવ્યુ છે. તો પૂજાની વસ્તુઓ, ખજૂર, પતાસા, ધાણી, ટોપરા, નારિયેળ, હાયડાની ખરીદી પણ સાથે કરવામાં આવી રહી છે. સાથે સાથે રમજાન માસ ચાલી રહ્યો છે ત્યારે સાંજના ભાગે પણ વિવિધ બજારોમાં રોનક જોવા મળી રહી છે.

---

## મુંદરા-બારોઇની નગરપાલિકાને અપગ્રેડ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા સોમવારે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો, જેમાં મુંદરા-બારોઇની નગરપાલિકાને અપગ્રેડ કરીને `બી' વર્ગમાં દાખલ કરવામાં આવી છે. જેનાથી લગભગ દોઢ ઘણી ગ્રાન્ટ વધી જશે અને વહીવટી માળખું વધુ સુદ્દઢ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરાયો છે. ઔદ્યોગિક વિકાસને ધ્યાને રાખીને તેમજ ધારાસભ્યની સતત

રજૂઆતોને ધ્યાને લઇને ખાસ કિસ્સામાં ચાર વર્ષનાં કાર્યકાળમાં જ `બી' ગ્રેડની અગ્રતા મળી ચૂકી છે. આ સંબંધે સુધરાઇ પ્રમુખ રચનાબેન પ્રણવ જોશીએ કહ્યું હતું કે, નગરપાલિકાએ ધારાસભ્યને પત્ર લખ્યો હતો તેમજ ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેના પ્રયાસો સફળ રહ્યા છે.

---------------------------------------------------------------------------------------